જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૦/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૭૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૫૯ લીટર દેશી દારૂ, ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૨૯ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૪ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૮૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૮૧/૨૦૨૬**

શાહેરકોટડાઃ દિવાનસિંહ રામવીરસિંહ કોરી (ઉ.વ.૪૦)(રહે.રાજપુરોહિતની ચાલી, પ્રેમનગર, મેમ્કો નરોડા રોડ) એ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ શાહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ દીવાનસિંહનાઓનો મોબાઈલ ફોન હેક કરી ઓનલાઈન માધ્યમ દ્વારા ગુગલ–પે થી કુલ રૂપિયા ૧,૫૬,૦૦૦/– તેઓના અલગ–અલગ ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.જી.રાઠોડ ચલાવે છે.

ક્રાઇમ બ્રાન્ચઃ જયેશકુમાર કનૈયાલાલ શાહ (ઉ.વ.૫૫)(રહે, સંગમ પેરેડાઈઝ વરદાન ટાવર પાછળ નારણપુરા) એ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૦/૨૦૨૪ થી તા.૦૬/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ મેઈન રોડ શાક માર્કેટ પાસે અરવિંદ બુચ સોસાયટીના કોમ્પ્લેક્ષમાં “પાયલ જવેલર્સ” નામની દુકાન ખાતેથી આરોપી જયેશભાઈ નરોતમભાઈ રાઠોડ (રહે.બળીયાનગર પોસ્ટ ઓફીસ સામેના ખાંચામાં અમરાઈવાડી) નાઓ ફાઉન્ડેશનના મુખ્ય ટ્રસ્ટી હોવાનું જણાવી અને પોતે ફાઉન્ડેશન તરફથી દરેક સમાજની દિકરીઓને સોના–ચાંદીનુ દાન કરવાનું છે તેમ જણાવી અલગ–અલગ સમયે જયેશકુમાર શાહ નાઓની દુકાનેથી સોનાના દાગીના કુલ કિમત રૂપિયા ૨,૬૨,૪૬,૦૩૩/– અને ચાંદીના દાગીના કુલ કિમત રૂપિયા ૨૪,૩૮,૨૨૧/– મળી કુલ રૂપિયા ૨,૮૬,૮૪,૨૫૪/– ખરીદી કરી તે પૈકી રૂપિયા ૧,૦૭,૩૯,૦૨૯/– આપી, બાકી નિકળતા રૂપિયા ૧,૭૯,૪૫,૨૨૫/– નહી ચુકવી જયેશકુમાર શાહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.ડીંડોર ચલાવે છે.

શાહીબાગઃ સુરેશ સ/ઓ વિઠ્ઠલભાઇ પટણી (ઉ.વ.૩૨) (રહે. અમૃતલાલ કેશવલાલની ચાલી બાપાલાલા ઘાંચીની ચાલી સામે અસારવા) એ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૬૬૨૬૧૪૫૪૧ ના ધારકે સુરેશ પટણીના વોટસએપમાં આર.ટી.ઓ.ઓફીસના અધિકારી હોવાની ઓળખ આપી ઇ-ચલણની APK FILE મોકલી સુરેશ પટણીના પત્નીના બેંક ખાતામાંથી ઓનલાઇન ટ્રાન્જેકશન મારફતે કુલ રૂપિયા ૧,૭૯,૪૯૯/- મેળવી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એચ.સિંધવ ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ રાકેશકુમાર સ/ઓ કાંતીલાલ પટેલ (ઉ.વ.૪૭) (રહે. દેવ ઓરંગ ફ્લેટ, એસ.બી.આઇ. બેંક સામે વંદે માતરમ રોડ ગોતા) એ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૨૬ થી તા.૧૮/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧ ૮૧૫૫૯૫૨૪૫૬ ના ધારકે અદાણી ગેસ કંપનીના કર્મચારી વાત કરતા હોવાની ઓળખ આપી Adani Gas Bill Update.apk નામની એપીકે ફાઇલ મોકલી તેમજ મોબાઈલ નંબર +૯૧ ૭૪૬૫૯૨૩૨૨૬ ના ધારકે એપીકે ફાઇલમાં ગેસ બીલ અપડેટ કરવાના બહાને રાકેશકુમાર પટેલના મોબાઇલનો એક્સેસ મેળવી આઇડી પાસવર્ડની ચોરી કરી ઓટીપી મેળવી લઈ ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી રાકેશકુમાર પટેલના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૭,૯૦,૦૧૨ /- ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

એરપોર્ટઃ આશિષ હરેશલાલ માખીજા (ઉ.વ.૪૫) (રહે. ધુપસડી સોસાયટી શંભુ કોફી બાર પાસે હાંસોલ તલાવડી સરદારનગર) એ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૯/૨૦૨૬ ના રોજ મોબાઇલ નંબર ૮૮૯૩૨૨૮૧૭૩ ના ધારકે આશિષ માખીજા નાઓને વોટસએપ મેસેજ કરી Gas Bill Update(2).apk મોકલતા જે APK ફાઇલ ઓપન કરતા આશિષ માખીજા નાઓનો મોબાઇલ ફોન હેક કરી ઇન્ટરનેટના માધ્યમથી ક્રેડીટકાર્ડ દ્વારા કુલ રૂપિયા ૧,૩૯,૪૨૨/- ટ્રાન્ઝેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એસ.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૩૮૨/૨૦૨૬**

નિકોલઃ દિનેશભાઇ ધીરૂભાઇ લાઠીયા (રહે.કે.પી.રેસીડન્સી, નિકોલ ગામ રોડ દાનેવ મોલ પાછળ નિકોલ) એ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૬ થી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- અને સોનાની વિંટી નંગ-૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૮૩/૨૦૨૬**

સરખેજઃ જુહાપુરા ફતેવાડી કેનાલ મેટ્રો ડેપોની બાજુમાં કાચા છાપરાંમાં રહેતા અને મજુરી કામ કરતા જગદીશ સ/ઓ દેવચંદ બારીયા (ઉ.વ.૨૪)(મુળ વતન. ગામ-કુશલપુરા તા-થાંદલા જી-જાંબુઆ મધ્ય પ્રદેશ) નાઓ તા.૩૦/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે સરખેજ સાણંદ સર્કલ પાસે દાદા એસ્ટેટ ચાર્ટડ કોમ્પ્લેક્ષ દુકાન નંબર ૯/૧૦ ખાતે દિવાલ તોડવાની મજુરી કામ કરતા હતા ત્યારે આકસ્મિક દિવાલ તેમની ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા, સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી પ્રતિક્ષાબહેન રાજેશભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૩૮૪/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ ભાડજ એમ.કે.ફાર્મ હાઉસની બાજુમા ખુલ્લા પ્લોટની ઓરડીમા રહેતા મહેન્દ્ર મીણા (મુળ વતન ગામ–ભેવડી તા–આસપુર જી–ડુંગરપુર રાજસ્થાન) નાઓની ૧૬ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૬ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી જતા સારવાર માટે તેને સોલા સાયન્સ સીટી રોડ વેલીસ હોસ્પીટલમાં દાખલ કરી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૯/૨૦૨૬ રાતના ૧૧/૨૫ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મીસ્ત્રી ચલાવે છે.

વસ્ત્રાપુરઃ કાવ્યા ડો/ઓ મૌલીકભાઇ નાયક (ઉ.વ.૨૦)(રહે. સંસ્કૃતી એપાર્ટમેન્ટ લાડ સોસાયટી રોડ વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૬ બપોરના ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

વાડજઃ ધ્રુવ સ/ઓ હિમ્મતભાઈ મકવાણા (ઉ.વ.૨૧)(રહે.આનંદનગર એપાર્ટમેન્ટ અખબારનગર ચાર રસ્તા પાસે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

શાહપુરઃ સિરાજુદીન અબ્દુલકાદર કુરેશી (ઉ.વ.૫૦)(રહે.શાપર મંજીલની બાજુમા કુરેશી મેડીકલ પાછળ, નવો વાસ મિર્ઝાપુર શાહપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઘાબાના ભાગે આવેલ બારીના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.મુસાર ચલાવે છે.

નરોડાઃ અશ્વિનભાઇ ચંદુભાઇ પારેખ (ઉ.વ.૪૮)(રહે.દુર્ગાપાર્ક સોસાયટી કઠવાડા રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૬ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગેલેરીમાં પુલઅપ્સ માટે બનાવેલ લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૯/૨૦૨૬ રાતના ૯/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેન્દ્રસિંહ રજવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી